સફાઈ કાદારોના પુનઃ સ્થાપન માટે
પંડિત દિન દયાળ ઉપાધ્યાય અંત્યોદય
સ્વચ્છતા બજાર યોજનાના ઠરાવની
જોગવાઈમાં સ્પષ્ટતા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ- પરચ -૧૦૨૦૦૩-૨૨૦૨-ગ,
સચિવાલય ગાંધીનગર.
તારીખ :- 11 NOV 2003

વંચાણે લીધા :(૧) સા.ન્યા.અને અધિ. વિભાગનો તા.૧૪/૭/૨૦૦૦ નો ઠરાવ
ક્રમાંકઃ-એમ આઈ એસ - ૧૦૨૦૦૦ - ૩૧૬ - ગ.
(૨) સફાઈ કામદાર વિકાસ નિગમનો તા. ૬-૮-૨૦૦૩ નો પત્ર
ક્રમાંકઃ- ગુસકાવિનિ / સેને.માર્ટ /૨૦૦૩ /૨૪૨૧.

ઠરાવ :-

આમુખમાં ક્રમાંક -૧ આગળ જણાવેલ સા.ન્યા. અને અધિ. ના તા.૧૪/૭/૨૦૦૦ ઠરાવથી સફાઈ કામદારોના પુન : સ્થાપન માટે સ્વચ્છતા બજાર ( સેનેટરી - માર્ટ ) ની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઈ ૯ (૧) અન્વયે ૨૫ લાભાર્થીઓની મર્યાદામાં સહકારી મંડળીને એક સેનેટરી માર્ટ દીઠ મહત્તમ રૂા. ૫ - ૦૦ લાખની લોન / સહાય મળવાપાત્ર થાય છે જે પૈકી ૧૫ % સીમાન્ત નાંણા ( માર્જીન-મની ) તરીકે રૂા. ૭૫,૦૦૦ /- આપવાની જોગવાઈ છે. આ માર્જીન-મની ને લોન કે સહાય તરીકે ગણવી તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી નીચે મુજબ સ્પષ્ટતાઓ ઠરાવે છે.

સેનેટરી. માર્ટની યોજનામાં માર્જીન-મની તરીકે જે નાંણા ચૂકવવામાં આવે છે તેને લોન તરીકે જ ગણવાના રહે છે. પરંતુ આ લોન પર ( માર્જીન-મની ની રકમ પર ) કોઈ વ્યાજ લેવાનું રહેતું નથી. એટલે આ યોજના હેઠળ ચૂકવવાની માર્જીન-મની ની રકમ " બિન વ્યાજકીય " લોન ગણવાની રહે છે.

(૨) વિભાગના તા. ૧૪/૭/૨૦૦૦ ના ઠરાવમાં માર્જીન-મનીની રકમની મહત્તમ મર્યાદા રૂા. ૭૫,૦૦૦ /- નક્કી કરવામાં આવેલ હોઈ યુનિટ કોસ્ટના ૧૫ % મુજબ રૂા. ૭૫,૦૦૦ /- થી વધે નહી તેટલી રકમ " માર્જીન-મની" તરીકે ચૂકવવાની રહે છે જેના ૪૯ % ફાળાની રકમ કેન્દ્ર સરકારની તેમજ ૫૧ % ફાળાની રકમ રાજ્ય સરકારની " એન.એસ.એલ.આર.એસ " ( NSLRS) હેઠળ ફાળવાયેલ રકમમાંથી ચૂકવવાની રહે છે.

(૩) ઉપર જણાવ્યું તેમ માર્જીનમનીની રકમ " બિન વ્યાજકીય લોન " તરીકે ગણવાની રહેતી હોઈ તેની ઉપર લેવાના વ્યાજના દર કે તે અંગેની શરતો નક્કી કરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ આ લોન વધુમાં વધુ ૬૦ હપ્તામાં પરત લેવાની રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૪/૯/૨૦૦૩ ના રોજ મળેલ અનુમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એસ. ડામોર )
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મા. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. મંત્રીશ્રી ( સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના મા. નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
મા. નાયબ મંત્રીશ્રી ( સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વ મા. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
રાજ્યકક્ષાની સમિતિના સર્વ સભ્યો
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
વિકાસ કમીશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
કમીશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર.
ઉદ્યોગ કમીશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
વહીવટી સંચાલક, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
સામાજીક ન્યાય અને અધિકારીના વિભાગની સર્વે શાખાઓ ( ગ. શાખા સિવાય )